Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ



SHRI ATMANAND PRAKASH


## સૌંદર્ય

સત્ય સૌંદર્યરૂપે પ્રગટ થાય છે; કારણ સૌંદર્ય જો કેવળ અકસ્માત હોય, વાસ્તવિક જગતના અનંત:પટમાં એક ચિરાડરૂપ હોય તો તે આપણને કહત અને હકીકતોના પરસ્પર વિરોધને લીધે પોતે પણ પરાજય પામત. સૌંદર્ય એ કાંઈ કલ્પના નથી. એમાં વસ્તુનો સનાતન અર્થ રહેલો છે. જે હકીકતો નિરાશા અને વિષાદને પ્રેરે છે તે તો માત્ર ધુમ્મસ છે; અને જ્યારે એ ધુમ્મસને વિદારીને સૌંદર્યની તેજોમૂર્તિ ક્ષણિક દર્શન દે છે ત્યારે આપણને પ્રતીતિ થાય છે કે શાંતિ જ સત્ય છે, સંઘર્ષ નહિ; પ્રેમ જ સત્ય છે, દ્વેષ નહિ. અને સત્ય (બ્રહ્મની પેઠે) એક છે; વિચ્છિન્ન અનેક વસ્તુઓનો પુંજ એ સત્ય નથી.

સૌંદર્યની કૃતિ પૂર્ણતાનું સૂચન કરે છે; એ પૂર્ણતા પ્રેમની છે. આપણે ઘણા કવિઓને કડવાશથી અને નિરાશાથી એની હાંસી ઉડાવતા જાણ્યા છે, પરંતુ એ તો માદું બાળક પોતાની માતાને મારતું હોય એના જેવું છે. એ માંદગી શ્રદ્ધાની છે, જે સત્યને આઘાત કરે છે. એમ છતાં એનાં એ દુઃખ અને ક્રોધ (શ્રદ્ધાનું) અસ્તિત્વ પુરવાર (પણ) કરે છે. એ શ્રદ્ધાનું પોતાનું સ્વરૂપ આવું છે : સૌંદર્ય એ એક આત્માએ બીજા આત્મા સમક્ષ કરેલું આત્મનિવેદન છે.

સૃષ્ટિની વિશાળ શક્તિઓ પોતાનું સત્ય (સ્વરૂપ) વિરૂપતામાં નહિ, પણ સૌંદર્ય દ્વારા પ્રગટ કરે છે. સૌંદર્ય એ સર્જનહારે પોતાના સર્જનથી પરિતોષ પામીને એના ઉપર મારેલી પોતાના હસ્તાક્ષરોની છાપ છે.

રવીન્દ્રનાથ ઠાકુર


પુસ્તક ૫૯
અંક ૯

પ્રકાશક:-
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

અષાઢ
સં. ૨૦૧૮


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧ મૌનનું મહત્વ | | ૧૧૩ |
| ૨ ભક્તિ પરંપરા | સાહિત્યચન્દ્ર બાલચંદ | ૧૧૫ |
| ૩ પોપટીયું જ્ઞાન | આત્મારામ શર્મા | ૧૧૮ |
| ૪ અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ | | ૧૨૧ |
| ૫ શેઠ શ્રી માણેકલાલ ચુનીલાલનું ભાષણ | | ૧૨૨ |
| ૬ એક પ્રવચન | (શ્રી ફતેચંદભાઈ) | ૧૨૪ |
| ૭ પુ. ઉમંગસૂરીની સ્વર્ગવાસ નોંધ | | ૧૨૬ |
| ૮ મહાવીર વિદ્યાલય વડોદરા ઉદ્દ્ઘાટન | | ૧૨૭ |
| ૯ સમાલોચના | | ૧૨૮ |


## આ સભાના નવા માનવંતા આજીવન સભ્યો

(૧) શાહ કુંદનલાલ કાનજીભાઈ — અરૂણ વિદ્યાલય ભાવનગર
(૨) કપાશી નગીનદાસ મેઘજીભાઈ — દાણાપીઠ. ભાવનગર

## જૈન વિદ્યાર્થીની સ્કોલરશિપ

છેલ્લા માર્ચ માસમાં લેવાયેલ એસ. એસ. સી.ની પરીક્ષામાં સૌથી વિશેષ ગુણ પ્રાપ્ત કરનાર અને કોલેજમાં આગળ અભ્યાસ કરનાર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થીનીને રૂપિયા અઢીસોની "જૈન લીલાવતી ભોળાભાઈ મોહ લાલ ઝવેરી જૈન સ્કોલરશિપ" આપવામાં આવશે. આ સ્કોલરશિપ એક વિદ્યાર્થીનીને આપવામાં આવે છે. નિયત અરજી-પત્રક શ્રી મહાવીર જૈન વિદ્યાલયની ગોવાળિયા ટેંક રોડ મુંબઈ ૨૬ની ઓફીસેથી મળશે. અરજીપત્રક સ્વીકારવાની છેલ્લી તારીખ ૧૫મી જુલાઈ છે.

## સ્વીકાર ભેટ

પરમ પૂજ્ય સાધ્વીજીમહારાજશ્રી ચંપાશ્રીજી તથા તારાશ્રીજીના શિષ્ય પૂજ્ય સાધ્વી-શ્રીજી મંગળશ્રીજી મહારાજ તરફથી આપણી સભાને એક કબાટ તથા સંસ્કૃત—પ્રાકૃત ૪૭ ગ્રંથો તથા ગુજરાતી પુસ્તકો ૪૪—સભાને ભેટ મળેલ છે તે બદલ સભા તેઓશ્રીનો આભાર માને છે.

સુધારો ગતાંક પૃષ્ઠ ૧૦૧ માં સં. ૧૬૬૨ના બદલે ૧૬૫૨ જોઈએ.

ઉમેરો ગતાંક પૃષ્ઠ ૧૦૩ ઉપર લેખની અંતે નીચે પ્રમાણે ઉમેરવું.

જગદ્ગુરૂ આ હીરવિજયસૂરિ સં. ૧૬૫૨માં ઉનામાં ચોમાસુ હતા, ત્યારે જામનગરના દિવાન અબજી ભણશાલી તેમને વાંદવા ઉના ગયા હતા. તેણે ત્યાં આચાર્યદેવ તથા સાથેના સૌ મુનિવરોની સોનામહોરથી પુજા કરી હતી.

જૈન પરંપરાનો ઇતિહાસ ભાગ ૨ જો પૃ ૭૨૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




વર્ષ ૫૯મું ] અશાડ તા. ૭–૭–૬૨ [ અંક ૯

ॐ

भद्रं कर्णेभिः शृणुयाम देवाः। भद्रं पश्येमाक्षभिर्यजत्राः।
स्थिरैरङ्गैस्तुष्टुवान्सस्तनूभिः। व्यशेम देवहितं यदायुः॥
ॐ शान्तिः शान्तिः शान्तिः॥

# મૌનનું મહત્ત્વ

ગ્રીસના વિશ્વવિખ્યાત ફિલસુફ પિથાગોરાસનો એક એવો નિયમ હતો કે પોતાને ત્યાં જે નવો શિષ્ય આવે તેને પહેલાં પાંચ વરસ સુધી એ સંપૂર્ણ મૌન પાળવાની તાલીમ આપતો. તેના આ વિચિત્ર નિયમનું એકવાર કોઈ મિત્રે કારણ પૂછયું ત્યારે પિથાગોરાસે ઉત્તર આપ્યો કે “જે માણસ સતત પાંચ વરસ સુધી મુંગો રહી શકે તેને પછીના જીવનમાં હોઠ બંધ રાખવાની એવી સરસ આદત પડી જાય છે કે ખાસ જરૂર ન હોય ત્યારે એ કદી હોઠ ખોલતો નથી”

શરીરની વિવિધ ઇન્દ્રિયો ઉપર સંયમ કેળવનારા ઘણા માણસો જોવા મળે છે, તેમાં જીભ ઉપર સંયમ રાખનારાઓ બહુ જ ઓછા જોવા મળે છે. જેઓ જીભ પર સંયમ રાખવાનો યત્ન કરે છે તેમાંના ઘણા જીભનું કામ કલમ વડે કરતા હોય છે.

શબ્દો જ્યાં સુધી મ્હોમાંથી છુટે નહીં ત્યાં સુધી એના ઉપરનું સંપૂર્ણ સ્વામિત્વ તમારૂં પોતાનું છે. પણ એકવાર શબ્દો મ્હોમાંથી બહાર નીકળી ગયા પછી તમારા ઉપર એમનું સ્વામિત્વ સ્થપાય છે. ધનુષ્યમાંથી છુટેલા બાણની પાછળ દોડીને તેને પકડી લેવાની શક્તિ મહા બળવાન વીર ભીમસેનમાં હતી એમ કહેવાય છે. પરંતુ મ્હોમાંથી નીકળી ગયેલા શબ્દો અન્યના કાને પડે તે પહેલાં પાછા ખેંચી લેવાની શક્તિ ઇશ્વરે કોઇ પ્રાણીને આપી નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બોલવું જોઇએ એવે વખતે ન બોલનાર માનવી કયારેક પોતાને નુકશાન કરે છે; કયારેક બીજાઓને પણ નુકશાન કરી બેસે છે; પરંતુ ન બોલવું ઘટે તેવે વખતે બોલી ઉઠનાર માનવી તો હમેશાં નુકશાન જ કરે છે—કાં તો પોતાને, કાં તો બીજાને અને કોઇ વાર બન્નેને

બોલવાની જરૂર ન હોય, અથવા બોલ્યા વિના ચાલી શકે તેમ હોય તેવે વખતે મૌન રાખવાની જો બધા જ માણસો આદત પાડી શકે તો દુનિયાનાં અરધાં દુઃખો આપમેળે ઓછાં થઇ જાય કવેળાએ અને જરૂર વિના બોલાયલા થોડા શબ્દોને પરિણામે નાના નાના કલહ કંકાસોથી માંડીને ભયંકર યુદ્ધો સરજાયાની વાતોથી ઇતિહાસનાં પાનાં ભરપૂર ભરેલાં પડયાં છે. "સદા સત્ય જ બોલવું અને સદા પ્રિય લાગે તેવું જ અને સત્ય પણ અપ્રિય લાગે તેવું હોય તો ન બોલવું" એવું એક શાસ્ત્રવચન છે, પણ સત્ય સદા જ પ્રિય લાગે એવું હોતું નથી. માટે જ્યારે સત્ય બોલવું જ પડે એવો કસોટીનો સમય આવે ત્યારે એ અપ્રિય હોય તો યે શાસ્ત્રવચનની ઉપેક્ષા કરીને ય બોલવું જોઇએ, પરંતુ કશા હેતુ વિના, સ્વાર્થ વિના, કેવળ બોલવા ખાતર જ કે અન્યને સારૂં લગાડવા માટે સરાસર ખોટું બોલવાથી તો સર્વદા દૂર જ રહેવું ઇષ્ટ છે.

મનમાં વિચાર આવે કે તરત જ એ બોલી નાખવામાં ડહાપણ નથી. એ વિચાર પાછળથી બદલાઇ પણ જાય. વચન કે વાયદો વગર વિચાર્યે આપી દેવામાં સત્યનું સેવન નથી, કેમકે વચન કે વાયદાનું હમેશાં પાલન થશે જ એવી ખાતરી એ આપનારને હોતી નથી.


અને મૌનની સહુથી વિશેષ જરૂર તો ભાવિમાં કરવાનાં કામ પરત્વે છે. "આમ થશે; આમ કરવું છે, આમ થવાનું છે" વગેરે વાતો મનમાં રાખી મુકનાર માણસ સહુથી શાણો ગણાય છે. એ થયા પછી જગત જોઇ શકે છે કે કશું બોલ્યા વિના કામ કરનારે કામ કરી બતાવ્યું છે, પણ પહેલેથી જાહેરાતો કરી દીધા પછી જ્યારે તેનો અમલ થાય નહીં ત્યારે તે જાહેરાતો કરનાર જગતની હાંસીનું અને કયારેક તિરસ્કારનું પણ પાત્ર બને છે,

મૌનનું આ મૂલ્ય સમજવાની આજે જો કોઇને સહુથી વિશેષ જરૂરત હોય તો તે આપણા દેશના વહીવટદારોને છે. સ્વતંત્રતાના નવા જુસ્સામાં તેમને તરેહ તરેહની જાહેરાતો કરવાની અને જાતજાતનાં વચનો આપવાની આદત પડી ગઇ છે. એમની નિષ્ઠા બુરી નથી એ સહુ કબુલ કરે છે. જે બોલે છે તે કરી બતાવવાની એમના મનમાં વૃત્તિ હોય છે એ પણ સ્વીકારી લઇએ. પણ તેમની ગણતરી પાકી હોતી નથી. પોતાની પાસેનાં સાધનો અને માનવીઓની તાકાતનું તેમને સાચું જ્ઞાન હોતું નથી. એથી એમનાં વચનો વારંવાર ખોટાં પડે છે ને તેઓ જનતાની હાંસીનાં પાત્રો બને છે.

"અમે આમ કરવાના છીએ" એવું બોલતાં પહેલાં જો તેઓ મૌનની તાકાત પીછાની લે અને જે કરવાનું હોય તે કરી બતાવે તો પછી "અમે આ કર્યું છે" આવું બોલવાની તેમને જરૂર પણ નહીં રહે-કેમકે જે થયું હશે તે જગત પોતાની આંખે જોઇ લેશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ભક્તિની પરંપરા

(લેખક: સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, માલેગામ)

જીવનમાત્રને જન્મતઃ આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ એટલે સંગ્રહ કરવાની સંજ્ઞા કે વૃત્તિઓ હોય છે. અનંત ભવોના સતત અભ્યાસથી એ જીવ સાથે ઓતપ્રોત થઇ ગએલી હોય છે. એટલે જ માણસ બાલ્યાવસ્થામાં પણ સંગ્રહ કરવાની વૃત્તિ ધારણ કરે છે. બાળક ચળકતા પત્થરો પણ ભેગા કરે છે. અને જેમ જેમ એનું અવલોકન વધતું જાય છે તેમ તેમ એ પોતાને લાગતી મૂલ્યવાન વસ્તુઓનો સંગ્રહ કરવાનો પ્રયત્ન કરતો રહે છે. માણસને પોતાને હું અપૂર્ણ છું એમ લાગ્યા કરે છે. અને એ અપૂર્ણતાને પોતે પહોંચી વળવા માટે એને ભાવતી વસ્તુઓનો સંગ્રહ એ કર્યે જાય છે, એની એ સંગ્રાહકવૃત્તિ એના મનમાં રહેલી અપૂર્ણતાની વૃત્તિને કારણે જ જાગેલી હોય છે એમાં શંકા નથી. અને એ અપૂર્ણતા દૂર કરી "હું પૂર્ણત્વ મેળવું, અને પૂર્ણ થઉં" એ સુત્ર ભાવના એજ જેને આપણે પૂર્ણતા અગર પરમાત્માપણું કહીએ છીએ તે પ્રાપ્ત કરવા માટેની ભક્તિની છે. એ સમજી રાખવું જોઇએ.

પરાકોટીની ભક્તિનું મૂળ એવા પ્રકારનું છે એ સમજી રાખવાનું છે. જે અપૂર્ણતા પ્રાથમિક બાલ્યાવસ્થામાં ભાસે છે તેજ અપૂર્ણતાનું સ્વરૂપ પ્રૌઢ અવસ્થામાં પણ કાયમ જ હોય છે, એમાં શંકા નથી. પ્રૌઢાવસ્થામાં ફક્ત એ વસ્તુઓમાં ફેર પડે છે, વૃત્તિમાં નહીં.

બાલ્યાવસ્થામાં ચળકતા પત્થરોથી માણસ પોતાને પૂર્ણતા લાવવાનો પ્રયત્ન કરે છે. અને પ્રૌઢાવસ્થામાં ચળકતા નાણામાં પોતાની પૂર્ણતા સમાએલી છે એમ એ માનવા માંડે છે, એટલો જ ફેર પડે છે. પરિણામે ગમે તેટલી વસ્તુઓ એ ભેગી કરે તો પણ એ પોતાને સતત અપૂર્ણ જ માનતો રહે છે. એની એ વૃત્તિઓનો અંત ક્યારે પણ આવે તેમ નથી, એ વસ્તુ એના ધ્યાનમાં આવતી જ નથી. અને એની ધારેલી પૂર્ણતા દૂર ને દૂર જતી રહે છે.

એવી એ અવસ્થાને આપણે આસક્તિ, લાલસા અગર મોહનીના નામે ઓળખાવિયે, છતાં એ પૂર્ણતા મેળવવા માટેનો જ પ્રયત્ન હોય છે. એ સત્ય વસ્તુ છે. કોઇ કારણે એનો એ ભાસમાન પૂર્ણતા ધૂળ ભેગી થઇ જાય છે ત્યારે જ એની આંખમાં નવું અંજન પડે છે. અને પછી એની માનેલી પૂર્ણતા સાચી નહીં પણ નકલી હતી એનું એને ભાન આવે છે. એવામાં જો એની બુદ્ધિ જાગૃત થઇ જાય અગર કોઇ માર્ગદર્શક સંત મહાત્માનો યોગ આવી મળે તો એની અપૂર્ણતા અને પૂર્ણતાનો વિષય બદલાઈ પણ જાય. અને એવી અવસ્થામાં પણ એ થાપ ખાઇ જાય તો એની પ્રગતિ સાફ અટકી પડે, અને એ પુચ્છ પ્રગતિને માર્ગે મૂકાઇ જાય. પ્રત્યક્ષ દાખલાથી આપણે હવે એનો વિચાર કરીએ.

કોઇ માણસ પ્રથમ તદ્દન ગરીબ અવસ્થામાં હોય, અને એને કોઇ શુચિ કે અશુચિ માર્ગથી અલ્પકાળમાં લાખ રૂપિયા મળી જાય ત્યારે વાસ્તવિક રીતે એણે સંતોષ રાખી એટલા ઉપર પોતાનો નિર્વાહ સુખપૂર્વક ચલાવવો જોઇએ. પણ તેમ થતું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી. એને એવી લક્ષાધીશની ભૂમિકામાં પણ પોતાની અપૂર્ણતાજ પ્રતીત થાય છે. કારણ એના કરતા વધુ ધનિક લોકો એની નજર સામે જણાય છે. તેવો પોતે કયારે બને, અને પોતાની અપૂર્ણતા કયારે પૂર્ણતામાં પરિણમે એવી ઝંખના એને થયા કરે છે. એ રીતે ગમે તેવી પરિસ્થિતિમાં એ પોતાને અપૂર્ણ જ માનતો રહે છે. એવી પરિસ્થિતિમાં જો અકસ્માત્ જે ધનને પોતાની પૂર્ણતા માટે જરૂરી માનતો હતો તે સંપૂર્ણપણે નષ્ટ થઇ જાય ત્યારે એના દુઃખનો પાર રહેતો નથી. કારણ પોતાની પૂર્ણતા માટે એ દ્રવ્યને જ કારણભૂત માનતો હતો. પણ બહારથી આવેલી જડ વસ્તુ એ પોતાની ન હતી પણ પારકી હતી એવી પ્રતીતિ એને થાય છે ત્યારે એને વિચાર થવો જોઇએ કે, હું તો ઝાંઝવાનાં જલને જ સાચું પાણી માની બેઠો હતો, સાચું પાણી તો જુદું જ છે. અને હું તો વગર ફોગટ દોડ્યો અને અંતે થાકયો, પાણી તો મને મળ્યું જ નહીં. મારી તૃષા શાંત થવાને બદલે ઊલટી વધારે તીવ્ર બની ! હું પૂર્ણતા માટે તરફડીઆ મારતો રહ્યો. એ પૂર્ણતા શામાં છે અને તે મેળવવાનાં સાધનો કયાં છે ? અને એ સાધનો કોની પાસે છે ? એની મારે તપાસ કરવી જોઇએ.

એકાદ દારૂડિયો હોય છે. એ પોતાને અત્યંત વ્હાલો એવો દારૂ મેળવવામાટે કેવા ધમપછાડા કરે છે, કેવી આતુરતા અને તાલાવેલી સેવે છે એ આપણાથી અજાણી વસ્તુ નથી. એને આપણે અજ્ઞાનજન્ય આસક્તિ કે મોહિની કહીએ. પણ જ્યારે એની મેળવવાની અને પૂર્ણતાની વરતુ બદલાઈ એ પરમાત્મા તરફ વળે છે ત્યારે એજ આસક્તિ અને મોહિનીને આપણે ભક્તિનું મનોહર અને સર્વમાન્ય નામ આપીએ છીએ. પૂર્ણતા મેળવવાની તાલાવેલી કે આતુરતા તો એની એજ હોય છે. ફક્ત એના વિષયમાં ફેર પડયો હોય છે. જડ અને નિરૂપયોગી તો શું પણ અંતે વિનાશકારી વસ્તુ લુપ્ત થઇ તેની જગ્યાએ પૂર્ણ આનંદસ્વરૂપ ચૈતન્ય આવી ઉભુ રહેલું હોય છે. અવિદ્યા જાય છે. અને આત્મા પોતે જાગૃત થાય છે ત્યારે એને કામ્ય વસ્તુની ઝાંખી થવા લાગે છે. જેને એ પૂર્ણતા માનતો હતો તે પૂર્ણતા ઠગારી પૂર્ણતા હતી. અને સાચી પૂર્ણતાથી આપણને દૂર ને દૂર ધસડી જતી હતી, એવો સાક્ષાત્કાર થતા એનો આસક્તિનો વિષય બદલાઇ તેની જગ્યા ભક્તિનો વિષય ગ્રહણ કરે છે. પણ આત્માની સાથે પરિગ્રહ સંજ્ઞા છે, અપૂર્ણતા એને ખટકે છે તેથીજ ફક્ત માર્ગ બદલવાની એને જરૂર છે, એ માર્ગ પ્રથમ નથી જડતો એનાં કારણોનો આપણે વિચાર કરીએ.

માનવના આત્મામાં અનંત શક્તિઓ પ્રસુપ્તાવસ્થામાં છુપાએલી પડેલી છે. અને તેને લીધે પોતે અપૂર્ણ છે એવો તેને ભ્રમ થાય છે. એ શક્તિઓ એને જણાતી નથી. કારણ એની ઉપર આછા પાતળા અને ગાઢ એવાં આવરણો છવાઈ ગયેલા હોય છે. આપણી દૃષ્ટિ અને એ શક્તિની વચમાં એ આવરણો આવી જાય છે. અને એ શક્તિને રૂંધી નાંખે છે. જેમ ચંદ્રગ્રહણવેળા ચંદ્રનું કિરણ વેરતું મનોહારી આનંદદાયક બિંબ તદ્દન કાળું થઇ જાય છે અને આપણી તરફ આવતાં એનાં કિરણો લુપ્ત થઇ ગયેલાં લાગે છે. પણ એના બિંબની આડે આવતી પૃથ્વીની છાયા દૂર થાય છે, ત્યારે તેજ નિસ્તેજ થએલું ચંદ્રબિંબ પોતાની પ્રકાશરાશિ વેરવા માંડે છે. અને આપણી ખાત્રી થાય છે કે, ચંદ્રતો એના બધા પ્રકાશ સાથેજ આકાશમાં ઝળહળી રહ્યો છે, તેવી જ રીતે આપણે પોતેજ નિર્માણ કરેલા અવરોધો અને આવરણોને લીધેજ આપણા આત્માનું સાચું સ્વરૂપ પારખી શકતા નથી. એની શક્તિની આપણને શંકા થાય છે. એ શક્તિ આપણી આંખ સામે શી રીતે પ્રગટ થાય અને એનો સાક્ષાત્કાર આપણને શીરીતે મળે એનો આપણે અંતઃકરણથી વિચાર કરવો જોઇએ.

આપણા જ્ઞાનના આડે આવતું અવિદ્યાનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




આવરણઆપણે ખસેડવુંજ પડશે ત્યારેજ આપણને જ્ઞાનનું પ્રકાશમાન ચંદ્રબિંબ નજરે પડશે. એ જોવું હોય તો આપણે ગુરૂકૃપા મેળવી સરસ્વતીથી એકાગ્ર થઇ તન મન ધનથી ઉપાસના અને સેવા કરવી પડશે. સુતા કે જાગતા, ઘરમાં કે બહાર, રાતના કે દિવસમાં, નહીં થાકતા સતત સેવા આદરવી પડશે ! ઉંઘ અને ભૂખ પણ ભૂલવી જ પડશે. આપણે ફક્ત વિદ્યા + અર્થી, એટલે ફક્ત વિદ્યા માટે જ આપણું જીવન છે એમ માનવું પડશે-ત્યારે જ આપણે જ્ઞાનને આડે આવતાં આવરણો કાંઇક દૂર કરી શકીશું. જેમ જ્ઞાનના આરે આવરણો અને અવરોધો આપણે આપણી જ અણઆવડતને લીધે પેદા કરેલા હોય છે ! તેમજ ધર્મ ઉપરની અશ્રદ્ધા પણ આપણી જ અવિદ્યાએ ઉત્પન્ન કરેલી છે. તેપણ આપણે ટાળવી જ જોઇએ. વિદ્યાર્થી જ્યારે બાલ્યાવસ્થામાં પાઠશાળામાં એકડે એક ભણવા જાય છે, ત્યારે પાઠશાળામાં જવું એને ગમતું નથી. એને એ બંદીશાળા લાગે છે. પણ જ્યારે પાઠશાળાની ઉપયુક્તતા એના અનુભવમાં આવે છે, અર્થાત્ જ્યારે પાઠશાળા એ આપણને ગુણ કરનારી જગ્યા છે એમ એની પ્રતીતિ થાય છે ત્યારે પાઠશાળા માટે એની દર્શનશુદ્ધિ થાય છે. અને વિદ્યાર્થી ધીમે ધીમે ધીમે પ્રગતિની સાધના કર્યે જાય છે. એમાં મુખ્યત્વે કરીને પોતાની સાચી અપૂર્ણતાની કલ્પના, અપૂર્ણતાનો સાચો વિષય અને પૂર્ણતા મેળવવાની તાલાવેલી કે આતુરતા એજ કાર્ય કરે છે એ ભૂલવું ચાલે એમ નથી.

એવી રીતે આત્માને ઉંચે ચઢાવવાના મૂળભૂત ગુણો જ્યારે ભક્તિના રૂપમાં પરિણમે છે ત્યારે જ આત્મા ગુણસ્થાનો એક પછી એક વહાવ્યે જાય છે. અને અંતે પૂર્ણતા પામે છે.

આત્મા સાથે બીજરૂપે રહેલા ગુણોને સવળે માર્ગે જ વાળી તેનો વધારેમાં વધારે લાભ જે મહાનુભાવો ઉઠાવે છે, તેઓ સીધા જ પ્રકાશ પાથરી પોતાના આત્મગુણથી જુદા જ તરી આવે છે. અને લોકાગ્રણીઓ મનાઇ જાય છે. એવા મહાન્ આત્માઓએ જ સાચી ભક્તિ કરી જાણી છે, એમાં સંદેહ નથી. બધાઓ પોતાની પૂર્ણતા મેળવવાના એ માર્ગે ગમન કરવા માટે સદ્‌ભક્તિ મેળવે એ જ શુભેચ્છા !

—o—



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પોપટિયું જ્ઞાન

—આત્મારામ શર્મા

**મોટી** નદીના કાંઠે મોટું વન હતું. વનમાં એક વિદ્વાન અને પીઢ ઋષિ રહેતા હતા. ઋષિએ પોતાને રહેવા માટે એક ઝુંપડી બાંધી હતી. એ ઝુંપડીની આસપાસ નાનાં નાનાં ઘણાં ઝુંપડાં હતાં. આ ઝુંપડાઓમાં ઋષિ પાસે ભણવા આવનારા વિદ્યાર્થીઓની ટોળીઓ રહેતી હતી.

સવારસાંજ ઋષિ નદીકાંઠે નહાવા જાય. નાહીને પૂજાપાઠ ત્યાં જ કરે. એમની સાથે કેટલાક વિદ્યાર્થીઓ પણ નહાવા જતા. આવતાંજતાં રસ્તામાં તેઓ ઋષિ સાથે ધર્મ અને શાસ્ત્રોની વાતચીત કરતા. ઘણીવાર તો નદીની રેતીના મોટા પટ ઉપર મોડી રાત સુધી આવી વાતચીતો ચાલતી રહેતી.

વિદ્યાર્થીઓ આવી બધી વાતાને પોતાના રોજરોજના જીવતરમાં કસોટીએ ચડાવતા, જાતે અનુભવ લઈ જોતા અને મનમાં જો ફરીવાર કોયડા ઉઠે તો ઋષિ સાથે સાંજસવારના આવા વખતે સમજી લેતા. આમ દિવસ બધો કોઈ ઝાડ વાવે, કોઈ ખેતી કરે, તો કોઈ ગાયો ચારે, ઉછેરે, દોહવા વલોવવાનું પણ કરે. વળી કેટલાક આશ્રમની વસતીને જોઇતાં કપડાં તૈયાર કરે, કોઇ વળી ઝુંપડાં બાંધે. આમ અન્ન, વસ્ત્ર અને આશરાનાં કામો સંપીને ચાલ્યાં જ કરતાં. આમ કરતાં કરતાં તે કામ તો આવડે પણ વધારામાં ઋષિ પાસેથી જીવતરના કેટલાક કોયડાને ઉકેલવાની ચાવીઓ પણ સમજી લેતા.

ઋષિ પણ ખૂબ ઓછાબોલા, જરૂર વગર બોલે જ નહીં, અને જ્યારે બોલે ત્યારે મુદ્દાની વાત જ ટુંકમાં પતાવે. બીજી તરફ વિદ્યાર્થીઓ પણ પોતાને ઊઠતી શંકાઓનો જાતે જ તોડ શોધતા, અથવા એકબીજાને સમજાવતા. ન છૂટકે ઋષિ પાસે જાય.

આમ જ્ઞાન લેવા અને દેવાનું ચાલતું હતું.

એક દિવસ સાંજના સમયે ઋષિ નદી કાંઠે જવા નીકળ્યા તેમની સાથે કેટલાક શિષ્યો પણ ચાલ્યાં. રસ્તે જતાં એક મોટું આમલીનું ઝાડ આવ્યું. ત્યાંથી જેવા થોડેક ગયા ત્યાં તો આંબલીના ઝાડ ઉપરથી ઉડતું ઉડતું એક પોપટનું બચ્ચું આવ્યું, અને ઋષિના કપડાંને વળગી પડયું. પોપટનું બચ્ચું ભયનું માર્યું હાંફતું હતું. ઋષિ તરત સમજી ગયા કે કોઈકના સપાટામાંથી છટકીને આ બચ્ચું ભાગેલું છે. ઋષિએ પોતાના ફાળિયાનો છેડો તેના પર ઢાંકી દીધો. હજુ થોડાંક ડગલાં ચાલ્યાં, ત્યાં તો એક પારધી દોડતો ઋષિ પાસે આવ્યો ને હાથજોડીને કહેવા લાગ્યો કે, " બાપજી, એ પોપટનું બચ્ચું મને આપી દો. પેલી આંબલીના ઝાડ ઉપરની બખોલમાંથી હું પકડતો હતો ત્યાંથી તે નાઠું છે. "

ઋષિ સાથેના વિદ્યાર્થીઓમાંથી એક વિદ્યાર્થી બોલ્યો "ભાઇ પારધી, તું એ બચ્ચાંને શું કરીશ ?"

પારધી કહે: "હું તેને પઢાવીશ, પછી વેચીશ."

વિદ્યાર્થી બોલ્યો : "તો તો એ બચ્ચું હું જ રાખીશ. હું યે તેને પઢાવીશ. આમેય તેં હજી પકડયું તો નથી તેથી તેના પર તારો હક્ક ન ગણાય."

પારધી બોલ્યો : "ભલે, પણ મને કાંઇક તો બદલો આપો ! મારો દિવસ ન પડે."

ઋષિ બોલ્યા : "ભાઈ, જો તું ઇચ્છતો હો તો તને બદલો આપવામાં વાંધો નથી, પણ હમણાં તું જા. તને બદલો હું આપીશ."

પારધી તો ઋષિને વંદન કરીને ચાલ્યો ગયો.

પછી ઋષિએ પોપટનું બચ્ચું પેલા વિદ્યાર્થીને આપતાં કહ્યું, "બેટા, આને છોડી મૂક. એને તો એનીજ ભાષા બોલવા દે. આપણી માણસની બોલી તે બોલશે એટલું જ. બોલીનો અર્થ તો સમજી જ નહીં શકે. તો પછી અર્થ સમજ્યા વગરનું જ્ઞાન કામનું શું ? તેવું જ્ઞાન જીવતરને નકામું ગણાય'

વિદ્યાર્થી તો મોહમાં પડેલો હતો. તેના મનમાં દયાભાવ હતો. તેના મનમાં વિદ્યાનો વિસ્તાર કરવાની તાલાવેલી જાગેલી હતી. અને એ રીતે પોતે પક્ષી-

For Private And Personal Use Only

જગત ઉપર કાંઇક કલ્યાણ કરે છે તેવો તેના અંતરમાં ઉમળકો ઊપજ્યો હતો. એટલે ઋષિને કહે: "ગુરુજી, મને પ્રયત્ન કરી જોવા દો. હું તેને એવો મંત્ર શીખવીશ કે પછી આખી પોપટની જાત ક્યાંય ફસાય જ નહીં."

ઋષિ બોલ્યા: "તારો એવો કયો મંત્ર છે? બેટા, મને સંભળાવ તો ખરો."

વિદ્યાર્થી બોલ્યો: "મહારાજ, મંત્ર તો નાનો એવો છે. ચાર જ ચરણનો છે અને મારી ગણતરી જો સાચી ઠરશે તો તેનું પરિણામ આપને બતાવીશ."

મંત્ર આવો છે:

"પારધી આવે, જાળ બિછાવે
દાણા નાખે, નહીં ફસાવું."

ઋષિ મનમાં સમજી ગયા: "એક વાર જરા મેં કહી તો દીધું છે કે અર્થ સમજ્યા વગર માત્ર બોલી બોલવાનો પ્રયત્ન કરાવવો તે નકામું ગણાય." પણ તેને આ કામ કરવાનો મોહ થયો છે. વળી તેનો પોતાનો હેતુ શુભ છે કે આ મંત્રથી પોપટની આખી જાત પારધીના સપાટામાંથી ઊગરી જાય. પણ આ મોહમાં વિવેક નથી, ઊંડી સમજ નથી. કોને કેવું જ્ઞાન અપાય?–આ બધું વિચાર્યા વગર કોઇપણ જ્ઞાન વ્યર્થ જ જાય. પણ હવે તો તેને પોતાને પ્રયત્ન કરી જોવા દેવો, તેને પોતાને જ સમજાય ત્યાં સુધી આપણે મૌન જ રાખવું."

ઋષિ કહે: ભલે તું કરી જો. આમ કહીને બચ્ચું આપી દીધું. વિદ્યાર્થીએ પોપટ માટે પાંજરું બનાવ્યું, તેમાં દાણાપાણી મૂક્યાં અને બચ્ચાંને તેમાં પૂરીને પાંજરું પોતાની ઝૂંપડીએ ટાંગ્યું.

દરરોજ સવાર–સાંજ વિદ્યાર્થી પેલાં બચ્ચાંને પઢાવતો, જ્યારે વચ્ચું માણસના જેવી વાણી બોલવા માંડ્યું એટલે પેલો મંત્ર બોલાવવા માંડ્યો.

થોડા દિવસ થયા ત્યાં તો પોપટનું બચ્ચું આખો મંત્ર બોલવા માંડ્યું. પોપટનાં બચ્ચાને પાંખો પણ આવી ગઇ. કાંઠલો પણ કાળો થઇ ગયો. અને જાણે મોટો પોપટ હોય તેવો તેના દેહનો ઘાટ બંધાઇ ગયો.

વિદ્યાર્થી મનમાં હવે તલપાપડ થવા લાગ્યો ને તેના મનમાં વિચારો આવવા લાગ્યા "આ પોપટ મારી પાસેથી મંત્ર શીખીને તેના સમાજમાં જશે, તેની આખી યે નાતમાં કોઇને આવો મંત્ર આવડતો નહીં હોય, એટલે સૌ આને માન આપશે. પછી મંત્રના અર્થ પ્રમાણે સૌ પારધીથી ઊગરવા માટે આ પોપટ પાસેથી તે મંત્ર બોલતા થઇ જશે. જ્યાં જુઓ ત્યાં આ મંત્રનો જ ઉચ્ચાર થશે અને આમ મારી વિદ્યાનો કેટલો વધો વિસ્તાર થશે!"

આમ વિચાર કરતો કરતો પાંજરા પાસે ગયો. પોપટ તો તેનો વહાલો વિદ્યાર્થી ને? તરત બોલે

"પારધી આવે, જાળ બિછાવે,
દણા નાખે, નહીં ફસાવું."

બીજે દિવસે સવારે પાંજરામાંથી પોપટને કાઢીને હાથમાં તેના પગ પકડીને ઝાડીમાં ગયો, આંબલીના ઝાડ પાસે જઇને પોપટને છોડી મૂક્યો.

પોપટ તો આમલીની ઊંચી ડાળે જઇને બેઠો અને પેલો મંત્ર બોલવા માંડ્યો. વિદ્યાર્થીના હૈયામાં થયું કે "હાશ એક કામ તો પૂરું થયું." એમ કહીને ઝૂંપડે પાછો ફર્યો.

કેટલાક દિવસો થયા ત્યારે બન્યું એવું કે બીજા પોપટ પણ આ મંત્ર બોલતાં શીખી ગયા. તેથી પેલા વિદ્યાર્થીને મનમાં ગુમાન આવ્યું ને ઋષિ પાસે જઇને તેણે કહ્યું:

"ઋષિજી મારી યોજના તો સફળ થઇ ગઇ, મેં પેલા પોપટને જે મંત્ર પઢાવીને તૈયાર કરેલો તેણે તો આખા વનમાં બધા પોપટને મંત્ર શીખવી દીધો છે."

ઋષિ બોલ્યા: "એમ? સારું કર્યું."

ઋષિ તો સમજતા જ હતા, તેથી એક દિવસ પેલા પારધીને બોલાવીને કહ્યું કે મારે કેટલાક પોપટ જોઇએ છે. તું પકડી દઇશ? મોટા જોઇએ છે, પૈસા લેજે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પારધી કહે : "કાલે જ લાવી દઇશ."

બીજે દિવસે વહેલી સવારે પોતાની જાળ, દાણા લઇને પારધી ઊપડ્યો જંગલમાં. એક ઝાડ નીચે તેણે આ જાળ પાથરી. તેમાં દાણા નાખ્યાં ને હાથમાં જાળની દોરી પકડીને પોતે ઝાડના થડ આડે લપાઇને બેસી ગયો.

સવાર થઇ ગયું. પંખીઓ હરફર કરવા માંડ્યાં. ત્યાં તો પોપટનું એક ટોળું ત્યાં ઝાડ ઉપર આવીને બોલવા માંડ્યું :

"પારધી આવે, જાળ બિછાવે,
"દાણા નાખે, નહીં ફસાવું."

પારધી તો આ સાંભળીને ભારે વિમાસણમાં પડી ગયો ને ઊભો થયો. પોતાની જાળ વીંટી લીધી, ને ગયો ઋષિ પાસે. જઇને કહે, બાપજી, હું પોપટને પકડી શકીશ નહીં. આ જંગલના પોપટ જ્ઞાની થઇ ગયા છે. મેં જાળ પાથરી દાણા નાખ્યા ને પોપટ આવ્યા. પણ બધા ઝાડ ઉપર બેઠા બેઠા બોલવા માંડ્યાં: 'પારધી આવે, જાળ બિછાવે, દાણા નાખે, નહીં ફસાવું.' તેથી હું તો ત્યાંથી ચાલ્યો આવ્યો."

આ વાત પેલો પોપટને પઢાવનાર વિદ્યાર્થી ત્યાં સાંભળતો હતો. તેના મનમાં તો હરખનો પાર ન રહ્યો અભિમાનથી તેની આંખો પણ બદલાઇ ગઇ. ઋષિ તેનો ચહેરો જોઇને વાત પામી ગયા ને બોલ્યા:

"ભાઇ પારધી, તેં ઉતાવળ કરી, થોડી ધીરજ રાખીને બેસવું તો હતું! હવે કાલે તું પાછો જજે. જો એકેય પોપટ ન પકડાય તો યે તને હું તારી મજૂરી આપીશ. પણ સાંજ સુધી ત્યાં રહેજે."

બીજે દિવસ ગયો. પારધી તો જાળ, દાણા લઇને પહોંચી ગયો, જાળ પાથરી દાણા વેર્યા અને લપાઇને બેસી ગયો.

થોડી જ વારે પંખીનાં ટોળાં આવ્યાં. પોપટનું ટોળું પેલો મંત્ર બોલતું બોલતું આવ્યું. પોપટનું ટોળું નીચે ઊતર્યું. જાળમાં પડેલા દાણા જોવાને લલચાયા. જાળમાં બેસીને દાણા ચણતા જાય છે ને પેલો મંત્ર બોલતા જાય છે: "પારધી આવે, જાળ બિછાવે, દાણા નાખે, નહીં ફસાવું."

ત્યાં તો એક પોપટનો નહોર જાળની દોરીમાં ભરાઈ ગયો, ને માંડ્યો પાંખો ફફડાવવા. ત્યાં તો જાળની દોરી ખેંચાણી, બધા યે પોપટના પગ ફસાઇ ગયા ને માંડ્યા બોલવા: "પારધી આવે, જાળ બિછાવે, દાણા નાખે નહીં ફસાવું."

પારધીએ દોરી ખેંચી ત્યાં તો બધા જ ફસાઈ ગયા. પારધીએ જાળને વીંટીને ખભે નાખી. જાળમાં ફસાયેલા પોપટ પારધીના ખભા ઉપર પેલો મંત્ર બોલ્યા જ કરે છે.

પારધી ઋષિની ઝૂંપડીએ આવીને બોલ્યો. મહારાજ, લો આ બધા પોપટ આપણા જેવું જ બોલે છે.

ઋષિએ વિદ્યાર્થીઓને બોલાવ્યા ને પારધીની જાળમાં પડેલા પોપટને મોઢેથી બોલાતો મંત્ર સાંભળવા કહ્યું. સૌએ મંત્ર સાંભળ્યો ને બોલ્યા: ગુરુજી, આનો ભેદ શો? મંત્ર બોલે છે એક અને આચરણ છે બીજું."

ઋષિ બોલ્યા: "આનું જ નામ પોપટિયું જ્ઞાન કહેવાય. સમજ્યા વગર શીખવાનું જ ફળ જોયું ને? મંત્ર તો ઘણો અર્થવાળો છે, પણ તે અર્થ કોને માટે! સમજ્યા વગર જ બોલ્યા કરે તેનાં પરિણામ આ રહ્યાં."

પેલો પોપટનો ગુરુ (વિદ્યાર્થી) આ બધું જોઇને પોતાની ભૂલ પોતે સમજી ગયો અને મનોમન ગુરુએ કહેલી વાતને યાદ કરવા માંડ્યો.

ઋષિએ પારધીને મજુરી આપી દીધી ને કહ્યું: "ભાઈ, હવે આ બધા પોપટને ઉડાડી મૂક."

પોપટને જેવા છોડયા તેવા જ ફ ર ર ર કરતા ઉડ્યા ને બોલતા ગયા કે :

"પારધી આવે, જાળ બિછાવે,
દાણા નાખે નહીં ફસાવું."

(કોડિયુ, જાન્યુ. ૧૯૫૯)

(એક હિંદી વાર્તાના આધાર પરથી, ફેરફાર સાથે)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ–મુંબઇ.

**મુંબઈ શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ** દ્વારા-યોગનિષ્ઠ–અધ્યાત્મ વિશારદ આચાર્ય **શ્રીમદ્-બુદ્ધિસાગરસૂરિશ્વરજી** મહારાજની ૩૭મી સ્વર્ગારોહણતિથિની ઉજવણી પૂ. આ. શ્રીમદ્ કીર્તિસાગર-સૂરિશ્વરજી મ. મા શિષ્યરત્નો પૂ. ઉ. **શ્રી કૈલાસસાગરજી મ. પૂ.** પં. શ્રી **સુબોધસાગજી મ.** આદિ મુનિમહારાજોની શુભ નિશ્રામાં જેઠ શુદિ ૩ તા. ૨૦-૬–૬૨ના રોજ સવારે ૯–૦ વાગે પાયધુનિ **શ્રી ગોડીજી જૈન ઉપાશ્રયમાં** થઈ હતી. આ પ્રસંગે મંડળના નિવૃત પ્રમુખ **શ્રી ફતેહચંદ ઝવેરભાઈ શાહના** લેખો અને કાવ્યોના સંગ્રહરૂપે મંડળ તરફથી તૈયાર થયેલ **"સ્વાનુભવ ચિંતન"** પુસ્તકનું **શેઠ** શ્રી **માણેકલાલ ચુનીલાલ શાહ**ના શુભ હસ્તે પ્રકાશન થયું હતું. પૂ. ઉ. શ્રી કૈલાસસાગરજી મ. પૂ. પં. શ્રી **સુબોધસાગરજી** મ. પૂ. શ્રી મૃગેન્દ્રમુનિ, શેઠ શ્રી માણેકલાલ ચુનીલાલ શાહ, શ્રી ફતેચંદ ઝવેરભાઈ શાહ, મંડળના પ્રમુખશ્રી મનસુખલાલ તારાચંદ મહેતા, ઉપ–પ્રમુખશ્રી હીરાલાલ જુઠાભાઈ શાહ, મંત્રીશ્રી ગૌતમલાલ અ. શાહ, શ્રી ધીરજલાલ ટોકરશી શાહ, શ્રી ભાઈચંદ નગીનભાઈ જવેરી, શ્રી ફુલચંદ હરિચંદ દોશી આદિ વિદ્વાન વક્તાઓએ "યોગનિષ્ઠ આચાર્યશ્રી" ના જીવન વિષે તથા 'સ્વાનુભવ ચિંતન' પુસ્તક અને શ્રી ફતેચંદ ઝવેરભાઈના સંબંધમાં મનનીય પ્રવચનો કર્યા હતાં. શ્રી કેશવલાલ મોહનલાલ શાહ, શ્રી ગુણવંતી ટોકરશી અને શ્રી સુલોચના વ. એ સંગીતમય ભાવવાહી પ્રાર્થના અને અજિતશાન્તિની ગાથાઓ તથા શ્રી ગણેશભાઈ પરમારે આચાર્યશ્રીના ગુણાનુવાદનું ગીત રજૂ કર્યા હતા. આ પ્રસંગે પૂ. આ. શ્રી ધર્મસૂરિજી-મ. ના શિષ્યો પૂ. મુનિશ્રી મહાનંદવિજયજીએ પૂ. મુનિશ્રી સૂર્યોદયવિજયજી મ, પૂ. પં. શ્રી નિપૂણમુનિજી ગણીનાં શિષ્ય પૂ. શ્રી ચિદાનંદમુનિ આદિ મુનિ મહારાજો અને પૂ. સાધ્વીજી મહારાજો ખાસ પધાર્યા હતા તેમજ શેઠશ્રી જીવતલાલ પ્રતાપસીભાઈ, શેઠશ્રી કેશવલાલ બુલાખીદાસ, શ્રી મનુભાઈ ગુલાબચંદ કાપડીયા, શ્રી ચંદુલાલ ટી. શાહ, ડૉ. શ્રી કેશવલાલ મલુકચંદ પરીખ, શ્રી હીરાલાલ છગનલાલ શાહ, શ્રી ચંદુલાલ નગીનદાસ ભાખરીયા, શ્રી બાવચંદ રામચંદ દુધવાળા, શ્રી બેચરભાઈ હરિચંદ, શ્રી જેઠાલાલ ચુનીલાલ ઘીવાળા, શ્રી અંબાલાલ ચતુરભાઈ શાહ આદિ જૈન સમાજના અગ્રગણ્ય આગેવાનો તથા અન્ય બહેનોએ વિશાળ સંખ્યામાં હાજરી આપી હતી. 'સ્વાનુભવ ચિંતન' પુસ્તકના પ્રકાશન અંગે શ્રી ફતેહ-ચંદ ઝવેરભાઈ પ્રત્યે શુભાશિર્વાદ અને શુભેચ્છા વ્યક્ત કરતા સંદેશાઓ પૂ.આ. શ્રી ધર્મસૂરિજી મ. અને પૂ. મુનિશ્રી યશોવિજયજી મ., પૂ. મુનિશ્રી જિનભદ્રવિજયજી મ., શ્રી આત્માનંદ સભા–ભાવનગર, શ્રી પ્રાણજીવનદાસ હ. ગાંધી વગેરેના આવ્યા હતા. અંતે આનંદભર્યા વાતાવરણમાં સમારંભ પૂર્ણ થયો હતો.

શેઠશ્રી ફતેહચંદભાઈ આ સભાના એક ઉપપ્રમુખ છે અને ઘણાં વર્ષથી આ સભાની ઉત્તમ પ્રકારની સેવા બજાવતા રહ્યા છે. સભાના સત્યજ્ઞાનના પ્રચારના કાર્યમાં તેમજ સભાની આર્થિક સદ્ધરતા સાધવામાં શ્રી ફતેચંદભાઈનો ફાળો કિમતી છે એ નિર્વિવાદ છે. ઉપર જણાવ્યા પ્રમાણે સભાએ તાર કરી મેળાવડાને સફળતા ઈચ્છી હતી. આ પ્રસંગે પ્રમુખશ્રીએ તથા શ્રી ફતેચંદભાઈએ જે પ્રવચનો કર્યા હતાં તે અહીં પ્રસિદ્ધ કરવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### સ્વાનુભવ—ચિંતન ગ્રંથના પ્રકાશનસમયે

# શેઠ શ્રી માણેકલાલ ચુનીલાલનું ભાષણ

### સં. ૨૦૧૮ના જેઠ વદિ ૩. તા. ૨૦-૬-૬૨, બુધવાર

પૂજ્ય ઉપાધ્યાય શ્રી કૈલાસસાગરજી મહારાજ, પૂજ્ય પં. શ્રી સુબોધસાગરજી મહારાજ, અન્ય મુનિરાજો, સાધ્વી મહારાજો, ભાઇઓ તથા બહેનો !

યોગનિષ્ઠ અધ્યાત્મવિશારદ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજની આજે ૩૭મી સ્વર્ગારોહણ-તિથિ છે. એ મહાપુરુષને શ્રદ્ધાંજલિ આપવા તથા તેમનો ગુણાનુવાદ કરવા આપણે સહુ એકત્ર થયા છીએ. પૂજ્ય પુરુષોનો ગુણાનુવાદ કરવો અને તેમના ઉત્તમ ગુણોનું અનુકરણ કરવું, એ આપણી પરમ પવિત્ર ફરજ છે. મેં હમણાં જ એક પત્રમાં વાંચ્યું હતું કે જિનશાસનનો સાર નવકાર છે, નવકારનો સાર દેવગુરુની ભક્તિ છે, અને દેવગુરુની ભક્તિનો સાર ગુણગ્રાહકતા છે. જે ગુણીજનોના ગુણોને ગ્રહણ કરી શકતો નથી, તે ધર્મ પામી શકતો નથી.

સદ્દગત આચાર્યશ્રીએ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ લક્ષમાં રાખીને બહુ સુંદર દેશના આપી હતી. તથા સહુ સમજી શકે તેવી સરલ શૈલિમાં જુદા જુદા વિષયો પર અનેક ગ્રંથો લખ્યા હતા. હું ન ભૂલતો હોઉં તો તેમણે ૧૦૮ ની સંખ્યા પૂરી કરી હતી કે જે સંખ્યાનું ધાર્મિક દૃષ્ટિએ ઘણું મહત્ત્વ છે, તેનનું સાહિત્ય અધ્યાત્મનો ખજાનો છે અને નૈતિક ઉપદેશનો એક મહાન ભંડાર છે.

આ સાહિત્યને સુંદર સ્વરૂપે પ્રગટ કરવાનું કાર્ય **શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ** છેલ્લાં ત્રેપન વર્ષથી કરી રહ્યું છે. હું તેને આ દીર્ઘ સાહિત્ય સેવા અંગે ધન્યવાદ આપું છું અને તે પોતાની કાર્યવાહી અવિરતપણે ચાલુ રાખશે, એવી આશા રાખું છું.

આ પ્રસંગે મને **શેઠ લલ્લુભાઇ કરમચંદ** યાદ આવી જાય છે કે જેમણે વર્ષો સુધી આ મંડળની સેવા બજાવી હતી અને જીવનના છેલ્લા શ્વાસ સુધી તેના યોગ—ક્ષેમની ચિંતા કરી હતી.

સદ્દગત **મોહનલાલ મણિલાલ પાદરાકર** પણ આ સંસ્થાના પાયા મજબુત કરનારાઓમાંના એક હતા. તે સિવાય **શ્રી ફત્તેચંદ ઝવેરભાઈ** તથા બીજા ઘણા ગૃહસ્થોએ આ સંસ્થાનો વિકાસ કરવામાં એક યા બીજી રીતે ફાળો આપેલ છે અને તેથી જ આ સંસ્થા આજે સાહિત્ય—પ્રકાશનના ક્ષેત્રમાં સુંદર કાર્ય કરી રહેલ છે.

મને એ જાણીને ઘણો આનંદ થયો છે કે આ સંસ્થા પૂજ્ય આચાર્યશ્રીની કૃતિઓ ઉપરાંત બીજી પણ તાત્ત્વિક કૃતિઓ બહાર પાડે છે. હું માનું છું કે સાહિત્યપ્રકાશક સંસ્થા જેટલી વિશાળ દૃષ્ટિ રાખે, તેટલું વધારે સારૂં છે, કારણ કે તેથી તેનું ક્ષેત્ર વિશાળ બને છે અને તેના પ્રશંસકોની સંખ્યા વધે છે.

હાલમાં આ સંસ્થા તરફથી **'સ્વાનુભવ ચિંતન'** નામનો લગભગ ૪૦૦ પાનાનો એક ગ્રંથ તૈયાર થયો છે અને તેનું પ્રકાશન કરવાનું મને કહેવામાં આવ્યું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે, એટલે હું આપની સમક્ષ ઊભો થયો છું.

આ ગ્રંથ મેં બરાબર જોયો છે. તેમાં ૩૭ જેટલા મનનીય લેખો છે, ૨૮ કાવ્યો છે અને તે ઉપરાંત બીજા કેટલાક પરિશિષ્ટો પણ છે. ઉપરાંત તેમાં શ્રી ચિત્રભાનુ તથા પૂ. મુ. શ્રી જંબુવિજયજી મહારાજે આશીર્વચન આપેલ છે અને સાહિત્યવારિધિ શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ ટોકરશી શાહે આ ગ્રંથના લેખક શ્રી ફતેહચંદભાઈના જીવનનો પરિચય આપેલ છે. વળી મંડળના હાલના પ્રમુખ શ્રી મનસુખલાલ તારાચંદ શાહે તેમાં આમુખ લખી લેખોનો પરિચય કરાવેલ છે. આ ઉપરાંત સમાજના અનેક જાણીતા માણસોએ ગ્રંથલેખક શ્રી ફતેચંદભાઇને જે ભાવભરી અંજલિઓ આપી છે, તેનો પણ એમાં સુંદર સંગ્રહ છે.

શ્રી ફતેચંદભાઇને આપણા સમાજમાં કોણ ઓળખતું નથી? એ સત્તોતર વર્ષના વૃદ્ધ નહિ, પણ સત્તોતેર વર્ષના યુવાન છે. આટલી ઉંમરે સેવાનો આટલો ઉત્સાહ મેં બીજા કોઈમાં જોયો નથી. કોઈ પણ સંસ્થાને ભીડ પડી તો આ સેવાભાવી પુરુષ તેની ભીડ ભાંગવા હાજર જ હોય છે. તે કાર્યકર્તાઓની સાથે ચાલે, દશ–વીશ દાદરની ચડઉતર કરે, સામાને સમજાવે અને જ્યારે સંસ્થાની ઝોળીમાં કંઇ પણ પડે, ત્યારે જ સંતોષ પામે.

સ્વભાવ પણ શાંત અને મિલનસાર. મેં તેમને કોઇ દિવસ તપેલા જોયા નથી. હમેંશા તેમના ચહેરા પર એક પ્રકારની પ્રસન્નતા જોવામાં આવે છે.

પરંતુ મારે અહીં જે વાત કહેવી છે, તે બીજી જ છે. શ્રી ફતેચંદભાઇનું જીવનઘડતર, તેમનો ધાર્મિક અભ્યાસ, તેમનું તાત્ત્વિક ચિંતન એ વિષે મને પોતાને બહુ માહિતી ન હતી, પણ શ્રી ધીરજલાલભાઇએ તેમનો જે જીવન પરિચય લખ્યો છે, તે વાંચવાથી હું આ બધું જાણી શક્યો.

શ્રી ફતેચંદભાઇ ભાવનગરના એક ધાર્મિક કુટુંબમાં જન્મ્યા, ધાર્મિક વાતાવરણમાં ઉછર્યા, ધાર્મિક વૃત્તિવાળા પિતાની પ્રેરણાથી ધાર્મિક અભ્યાસમાં ઘણા આગળ વધ્યા અને તેમણે અનેક ગ્રંથોમાં અભ્યાસપૂર્ણ પ્રસ્તાવનાઓ લખી. આજકાલ તો તેઓ બહુ લેખો લખતા હોય એમ લાગતું નથી, પણ જ્યારે તેઓ યુવાન હતા, ત્યારે તેમની કલમ ઝપાટાબંધ ચાલતી અને તે જુદા જુદા તાત્ત્વિક વિષયો પર કંઇને કંઇ લખ્યા જ કરતી. વળી તેમને કાવ્યો રચવાનો પણ શોખ હતો, એટલે તેઓ, અવારનવાર કાવ્યો પણ રચ્યા કરતા, પરંતુ તેમનો વિષય મુખ્યત્વે ધાર્મિક અને આધ્યાત્મિક જ રહેતો. આ બધી સામગ્રી સચવાઇ રહી, એ પણ સમાજનું સદ્ભાગ્ય. ઘણીવખત લેખકો ખૂબ ઉત્સાહથી લખે છે અને તે લેખો માસિકો વગેરેમાં પ્રગટ થાય છે, પણ પછી તેની કોઈ સ્મૃતિ રહેતી નથી. એટલે કાળાંતરે તેઓ ભૂલાઈ જાય છે અને તેઓ પણ બનતાં સુધી સમાજને ભૂલી જાય છે!

શ્રી ફતેચંદભાઇને હું વર્ષોથી ઓળખું છું. તેમની કૃતિનું પ્રકાશન 'અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ' તરફથી થાય એ ઉચિત છે. આવા સુંદર ગ્રંથનું પ્રકાશન મારા હાથે થાય, તેને હું મોટું ગૌરવ સમજું છું.

સંસ્થાના કાર્યવાહકોએ આ તક મને આપી, તે માટે હું તેમનો આભાર માનું છું અને હવે આ ગ્રંથને પ્રગટ થયેલો જાહેર કરું છું.

ગોડીજી જૈન ઉપાશ્રય, મુંબઇ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# એક પ્રવચન

શ્રી ફતેહચંદ ઝવેરભાઈ

પૂ. ઉ. મહારાજ શ્રી કૈલાસસાગરજી, પૂ. પં. મ. શ્રી સુબોધસાગરજી, અન્ય મુનિરાજો, સાધ્વીજી મહારાજો, શેઠ શ્રી માણેકલાલ ચુનીલાલ, આમંત્રિત સજ્જનો અને બહેનો,

આજે સ્વ૦ પૂ૦ આ૦ મ૦ શ્રી બુદ્ધિસાગરસૂરિજીની સ્વર્ગારોહણ તિથિનો ૭૭મો મંગલમય દિન છે. એમના સંબંધમાં પૂ૦ મુનિરાજોએ એમના યોગનિષ્ઠ અને આધ્યાત્મિક જીવનની સંક્ષિપ્તપણે ઝાંખી કરાવી છે. એમનું ૧૦૮થી અધિક ગ્રંથો રચનારૂં સાહિત્ય જીવન, ભજનપદ સંગ્રહના અનેક વિશાળ ભાગોમાં કાવ્ય સરિતાને વહાવનારૂં કવિત્વ જીવન એમના સંયમી જીવનમાં વિલીન થયું હતું. અને એ રીતે એમણે સ્વ-પર ઉપકાર સાધ્યો છે.

કર્મયોગ અને આનંદઘનપદ સંગ્રહ જેવા મહાકાય અનેક ગ્રંથોનું એમણે સર્જન કર્યું છે. એમના વિભૂતિમય જીવનની અનેક રેખાઓ 'યોગનિષ્ઠ આચાર્ય' ગ્રંથમાં ભરી પડી છે પરંતુ તે સંબંધમાં સવિશેષપણે નહિં કહેતાં માત્ર એમના સંબંધીની આશ્ચર્યકારક ઘટનાઓ આપની સમક્ષ જણાવું છું.

(૧) વિજાપુરમાં સં૦ ૧૯૩૦માં પટેલ કુટુંબમાં જન્મ અને વિજાપુરમાં સં૦ ૧૯૮૧માં સ્વર્ગવાસ. પૂ૦ આ૦ શ્રી વિજયનેમિસૂરિનો જન્મ મહુવામાં અને સ્વર્ગવાસ પણ મહુવામાં—આ બન્ને વિભૂતિઓ માટે અલૌકિક ઘટના છે.

(૨) સં૦ ૧૯૭૩માં ભગવદ્ ગીતાની શૈલીને અનુસરીને સ્વતંત્ર રીતે મહાકાય ગ્રંથ 'કર્મયોગ' લખ્યો. તેનું મેટર લો૦ મા૦ તિલકને માંડલેની જેલમાં તપાસવા મોકલ્યું—તે ઉપરથી લો૦ મા૦ તિલકે તેમના ઊપરના એક પત્રમાં જણાવ્યું કે 'Had I known that yon are writting Karmayoga, I might not have written my Karmayoga' અર્થાત્ આપનાં કર્મયોગનાં પ્રૂફો મને પહેલાં મળ્યા હોત તો હું ગીતાનો કર્મયોગ જેલમાં લખત નહિ—આ રીતે કર્મયોગનું લખાણ ઘણું ઉચ્ચ, ગૃહસ્થ અને સાધુઓ માટેના કર્મયોગનું દિગદર્શન વિશાળ પ્રમાણમાં કરાવનારૂં અને જૈનોને નિર્માલ્યતા ખંખેરી નાંખી વીર બનવા પ્રેરનારૂં છે.

(૩) ભજનપદ સંગ્રહ ભા. ૨ પા. ૪૨૦માં પીસ્તાળીશ વર્ષ પહેલાં એક યોગીને છાજે તેવી આર્ષદૃષ્ટિ (Clairvoyance)થી કહ્યું છે કે—

'રાજા સકલ માનવ થશે, રાજા ન અન્ય કહાવશે,
એક ખંડ બીજા ખંડની, ખબરો ઘડીમાં આવશે;
એક દિન એવો આવશે.'

આ ભવિષ્ય કોઈ મહારાજાઓના જ્યોતિષીએ ભાખેલું નહોતું.

(૪) આનંદઘનપદ સંગ્રહ ભાવાર્થના વિશાળગાય પુસ્તકમાં પા. ૧૫૫માં જણાવ્યું છે કે—વેદ અથવા બૌદ્ધ ધર્મના સિદ્ધાંતોનો ફેલાવો થવા માંડશે કે તરત દુનિયાનું લક્ષ્ય જૈન શાસ્ત્રો જોવામાં ચોંટશે અને જૈન શાસ્ત્રોની અનેકાંત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શૈલિથી દુનિયા ઊપર જૈન ધર્મનાં સૂર્યનાં કિરણો ફરીથી એકવાર સર્વત્ર પ્રકાશ આપશે. જૈન ધર્મની પડતી થાય છે તેમ કેટલાકને લાગતું હશે પણ કેટલાક વર્ષ પશ્ચાત્ યુગપ્રધાનો જન્મ લેશે.

(૫) કક્કાવળિ સંબોધનના કાવ્યગ્રંથમાં પા. ૭૫મે નીચે મુજબ ભવિષ્યકથન છે.

(૧) એકવીસમી સદી માંહે,
  થાશે યુગપ્રધાનો મોટા ચાર;
એક એકથી મહા ચઢીઆતા,
  જૈન જગત્ શાસન જયકાર.

(૨) એકવીશમી સદી માંહે દેશો,
  એક એકથી થવા ચઢીઆત;
એક બીજાની સ્પર્ધાથી,
  તે યુદ્ધો કરશે અનેક જાત.

(૩) એકવીશમી સદી માંહે એશીઆ,
  બળ કળબુદ્ધિથી સ્વાતંત્ર્ય;
એકકો કરી મેળવવા માટે,
  સજ્જ થશે ધરી યંત્ર જે તંત્ર.

સ્વ૦ પૂ૦ બાપજી શ્રી સિદ્ધિસૂરિશ્વરજીને તેમના સ્વર્ગવાસ અગાઉ ત્રણ માસ પહેલાં આ ભવિષ્યકાળની હકીકત શ્રી મોહનલાલ જમનાદાસે વાંચી સંભળાવી હતી. જેથી તેમને જિનશાસનના સુંદર ભવિષ્ય માટે સંતોષ થયો હતો.

આવા યોગિ મહાત્માની સ્વર્ગારોહણ તિથિ પ્રસંગે એમને વંદનાંજલિ અર્પી આજે એ મહાપુરુષની જીવન ગાથાના અલ્પ ગુણગાન ગાઈ રહ્યા છીએ. તેમના માર્ગે જવાની મહાન્ શક્તિનું આપણને ભાન થાય એમ પરમાત્મા પ્રતિ પ્રાર્થના કરીએ.

હવે શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળે પ્રસ્તુત પ્રસંગે પ્રકાશિત કરેલા મારા લેખો અને કાવ્યોમય 'સ્વાનુભવ ચિંતન' પુસ્તક સંબંધમાં કાંઈક નિવેદન રજુ કરું છું.

સ્વ૦ પૂ૦ આ૦ મહારાજ શ્રી બુદ્ધિસાગરસૂરિજીની જયંતી પ્રસંગે એમના અદૃશ્ય આત્માના પ્રતીક સમક્ષ આજે પ્રસ્તુત ગ્રંથનું પ્રકાશન થાય છે તે માટે હું મારા આત્માને ધન્ય માનું છું અને એ રીતે ઈચ્છું છું કે એમની અધ્યાત્મશક્તિનો સંચાર મારામાં ગતિમાન થતો રહે.

સૌથી પ્રથમ મારામાં સાહિત્ય દૃષ્ટિએ યત્કિંચિત્ શુભ સંસ્કારો આવ્યા તેનું પ્રથમ માન મારા પૂ૦ પિતાશ્રીને ઘટે છે. તપશ્ચાત્ વડીલ શ્રી કુંવરજી આણંદજી તથા પૂ૦ આચાર્ય મહારાજો અને મુનિરાજોના સત્સમાગમ અને વ્યાખ્યાનશ્રવણ તથા દીર્ઘ વાંચનના અભ્યાસને આભારી છે.

પ્રસ્તુત લેખો અને કાવ્યો આત્માનંદ પ્રકાશમાં લગભગ ચાલીશ-પચાસ વર્ષો પહેલાં આવેલા હતા. તે અમારા મિત્ર શ્રી પ્રાણજીવનદાસ ગાંધીએ તપાસ્યા અને તેમણે અને શ્રી મનસુખલાલ મહેતાએ તે લેખો અને કાવ્યો ભવિષ્યની પ્રજાને ઉપયોગી લાગવાથી છપાવવાનો પ્રબંધ કરવા બે વિભાગમાં સૂચવ્યું. એક વિભાગ મોટા પાંચ લેખો, જૈન દર્શન મીમાંસા વિગેરેનો, તથા બીજા ૭૭ લેખો અને ૨૮ કાવ્યો પ્રસ્તુત 'સ્વાનુભવ ચિંતન'માં આવેલા છે. પ્રથમ વિભાગ ભાવનગર જૈન આત્માનંદ સભા તરફથી હવે પછી પ્રકાશિત થશે. જેમાં પૂ. આ. શ્રી વિજયધર્મસૂરિ અને પૂ. આ. શ્રી વિજયપ્રેમસૂરિજીનાં આશીર્વચનો છે તેમજ ન્યાયમૂર્તિ શ્રી પ્રસન્નભાઈ બદામીની પ્રસ્તાવના છે.

શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ તરફથી 'સ્વાનુભવ ચિંતન' પુસ્તક આજે જિનશાસનરત્ન શેઠ શ્રી માણેકલાલ ચુનીલાલના શુભ હસ્તે પ્રકાશિત થાય છે તેને હું મારા જીવનનો ધન્ય પ્રસંગ માનું છું.

સદ્ગત શ્રી લલ્લુભાઈ કરમચંદ તથા હાલના મંડળના પ્રમુખ શ્રી મનસુખલાલ મહેતા, ઉપ-પ્રમુખ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી હીરાલાલ જુઠાભાઈ અને મંત્રીશ્રીઓ અને કમીટીના સભ્યો તરફથી પ્રસ્તુત પુસ્તકના પ્રકાશનનો નિર્ણય થયો. પુસ્તકમાં ભિન્ન ભિન્ન વિષયો જુદા જુદા પ્રસંગોએ લખાયલા છે. ઘણી ઘણી આંતર પ્રેરણાઓ, આપણી સર્વ શક્તિઓને જીવનના મૂળભૂત મૂલ્યોની તરફ કેંદ્રિત કરવા દીર્ઘકાળના ચિંતન સાથેના છે. વાંચકો વાંચીને તેને અમલમાં ઉતારી શારીરિક, માનસિક અને આધ્યાત્મિક રીતે જીવન ઉચ્ચ બનાવી શકશે અને યથાશક્તિ સેવામય જીવન વ્યતીત કરશે તો મારો પ્રયાસ અલ્પાંશે પણ હું સફળ માનીશ.

મારી આ ઉમ્મરે પૂ. મુનિરાજોના અને સ્નેહી સજ્જનોના આશીર્વાદોથી યથાશક્તિ–યથામતિ અનેક સંસ્થાઓની અને દર્શન, જ્ઞાન, ચારિત્રની સેવા કરી રહ્યો છું તેનો મને પ્રશસ્ત આનંદ છે. મારા કરતાં અનેક ગણી મૂલ્યવાન સેવાઓ અનેક વ્યક્તિઓ કરી ગઈ છે, વર્તમાનમાં કરતી રહે છે તે હિસાબે મારી અલ્પ માત્ર સેવા છે તેમ હું માનું છું.

પૂ. મહારાજશ્રીઓએ, શેઠ શ્રી માણેકલાલભાઈએ અને અન્ય વક્તાઓએ જે કાંઈ મારા માટે પ્રશંસાના વાક્યો ઉચ્ચારેલ છે તેને માટે હું યોગ્ય નથી પરંતુ તે યોગ્યતા મેળવવા વધુ પ્રયત્નશીલ થવા માટેની સૂચના માની રહ્યો છું.

આજના ધન્ય દિવસે હું પૂ. ઉ. મ. શ્રી કૈલાસસાગરજી મહારાજનો, પૂ. પં. શ્રી સુબોધસાગરજી વિગેરે મુનિરાજોનો, શેટ શ્રી માણેકલાલ ચુનીલાલ કે જેમના શુભ હસ્તે પ્રસ્તુત પુસ્તકનું પ્રકાશન થયું છે તેમનો, પુસ્તકમાં આશીર્વચનો આપનાર બંને મુનિરાજોનો, શ્રી ધીરજલાલ ટોકરશી અને શ્રી જયંતીલાલ રતનચંદનો તેમજ શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળના સંચાલકોનો અંતઃકરણપૂર્વક આભાર વ્યક્ત કરું છું. શાસનદેવ જીવનપર્યંત સેવાની ભાવના કાયમ રાખે તેમ પ્રાર્થના સાથે વિરમું છું.

સં૦ ૨૦૧૮ જેઠ વદી ૩

બુધવાર તા. ૨૦–૬–૬૨

# આચાર્ય વિજયઉમંગસૂરિનો સ્વર્ગવાસ

સાબમતી શ્રી આત્મ–વલ્લભ જૈન જ્ઞાન મંદિરમાં પંજાબ કેશરી–ભારત દિવાકર પરમ પૂજ્ય સ્વર્ગસ્થ જૈનાચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ શ્રીના પ્રશિષ્ય. પટ્ટ-પ્રભાવક–શાસન પ્રભાવક આચાર્ય મહારાજ વિજયઉમંગસૂરીશ્વરજી મહારાજ (વૈશાક વદ ૧ રવિવારના રાત્રે ૯-૩૦-કલાકે) એકદમ–અચાનક હૃદય પર અસર થવાથી પરમ મહાન મંત્ર નવકાર મંત્રનું ધ્યાન કરતાં કરતાં સમાધિપૂર્વક સ્વર્ગવાસ પામ્યા તેઓશ્રીના વિનશ્વરદેહની સ્મશાનયાત્રા વૈશાક વદી-૨ સોમવાના સવારના ૯-૩૦ કલાકે ભવ્ય રીતે નિકળી હતી. જૈન જૈનેતરો તેમજ સાબરમતી જૈન સંઘે લાભ લીધો હતો પૂજ્ય આગમપ્રભાકર શ્રી પુણ્યવિજયજી મહારાજ તથા. પૂ. આચાર્ય શ્રી વિદ્યાચંદ્રસૂરીશ્વરજી મહારાજ તથા નિરંજનવિજયજી મહારાજ આદિ પધાર્યા હતા. પરમ પૂજ્ય આચાર્યશ્રીના સ્વર્ગવાસથી તેઓ શ્રીના અંતેવાસી પૂ. ઉપાધ્યાય શ્રી ઉદયરત્નવિજયજી તથા મુનિ હીરવિજયજી તેમજ અખિલ-જૈન શ્રી સંઘને ઘણોજ આઘાત પહોંચ્યો છે.

પરમ પૂજ્ય ગુરૂદેવ આચાર્ય મહારાજ વિજયઉમંગસૂરીશ્વરજી મહારાજશ્રીનો જન્મ વિ. સં ૧૯૪૬ રામનગર (પંજાબ)માં થયો હતો. તેઓશ્રીના પિતાશ્રીનું નામ ગંગારામજી હતું. તેઓશ્રીના માતુશ્રીનું નામ કર્માદેવી હતું માતા પિતા ધર્મશ્રદ્ધાળુ હતા. ઘરમાં સુપુત્રનો જન્મ થવાથી ઘરમાં આનંદનો પાર જ ન રહ્યો તેથી લાડીલા સુપુત્રનું નામ માતાપિતાએ પરમાનંદ પાડ્યું. માતા પિતા ધર્મશ્રદ્ધાળુ હોવાથી બાલ્યાવસ્થામાં પરમાણંદને ધર્મ સંસ્કાર પડતા ગયા તેમણે વ્યવહારીક-જ્ઞાન તેમજ ધાર્મિક જ્ઞાન સારૂં મેળવ્યું–વૈરાગ્યભાવનાથી ૧૮ વર્ષની વયે તેઓ અમૃતસરમાં પંજાબકેશરી ભારત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દિવાકર વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજશ્રીની પાસે સંવત ૧૯૬૪ના ચાતુર્માસ પૂર્ણ થયે ગયા. આચાર્ય-શ્રીએ ચારિત્ર ગ્રહણ કરવાને યોગ્ય જાણી પોતાના પ્રથમ શિષ્યરત્ન તપસ્વિજી મહારાજશ્રી વિવેકવિજયજી મહારાજની પાસે તેમને મોકલ્યા અને સાથો સાથ જણાવ્યું કે તેમને દીક્ષા આપી તમારા શિષ્ય કરો અને તેમનું નામ ઉમંગવિજયજી રાખજો. સંવત ૧૯૬૪ કાર્તિક વદી. ૩ તાલધ્વજ (તળાજામાં) મહારાજ શ્રીએ ભાઈ પરમાનંદને દીક્ષા આપી પોતાના શિષ્ય તરીકે જાહેર કરવામાં આવ્યા. ઘણો ઉમંગ હોવાથી ઉમંગવિજયજી નામ પાડવામાં આવ્યું. તેઓ ધાર્મિક અભ્યાસ કરવામાં તેમજ ગુરૂની અને અન્ય સાધુઓની વૈયાવચ્ચ કરવામાં હંમેશા તત્પર રહેતા. તેઓશ્રીને ગણિ તથા પંન્યાસ પદવી સં. ૧૯૭૬ કાર્તિક વદ ૫ વાલી ( રાજસ્થાન ) પૂ. વિજયવલ્લભસૂરિશ્વરજી મ. શ્રીની અધ્યક્ષતામાં મહોત્સવ સહિત સંઘ સમક્ષ ખૂબ ધામધૂમથી અપાઈ હતી. તેમજ આચાર્ય પદવી પંજાબ કેશરી ભારત દિવાકર આચાર્ય વિજયવલ્લભસૂરિશ્વરજી મહરરાજશ્રીની આજ્ઞાથી સં. ૧૯૯૨ વૈસાક સુદી ૬ સોમવારના રોજ વલાદમાં ( અમદાવાદ ) પૂજ્ય ગુરૂદેવ તપસ્વીજી વિવેકવિજયજી મ. શ્રી આદિ તેમજ સંઘ સમક્ષ ખૂબજ ધામધૂમથી મહોત્સવ સહિત થઈ હતી. ગુરૂદેવ આચાર્યદેવ હંમેશા છેલ્લા ૨૫ વર્ષથી ઉવસ્સગ્ગહરંની ૨ માળાનો જાપ તેમજ ૧૦ નવકારવાળી બાધી ગણતા હતા. કદાચ રહી જાય તો બીજે દિવસે પુરી કરી આપતા. આચાર્ય મ. શ્રી એ સમરાદિત્ય ચરિત્ર-ચંદ્રપ્રભુ ચરિત્ર સુદંસણા ચરિત્ર, દેવકુમાર ચરિત્ર—જગડુ ચરિત્ર, ધ્વા. ત્રિંશિકા; ઉત્તરાધ્યયન ચરિત્ર પ્રકરણ, ઋષિમંડલવૃત્તિ આદિ ગ્રંથો સાધુ-સાધ્વીઓને વ્યાખ્યાનમાં ઘણા ઉપયોગી થઈ પડે તે માટે ભેટ તરીકે બહાર પાડ્યાં છે. પૂ. આચાર્ય મહારાજશ્રીની અધ્યક્ષતામાં ઉપધાનો, ઉદ્યાપનો, સંઘો, મહોત્સવો, પ્રતિષ્ઠાઓ, અંજનશલા-કા, શાન્તિસ્નાત્રો, અષ્ટોત્તરી સ્નાત્રમહોત્સવો આદિ ગામોગામ, શહેરોમાં ઉજવવામાં આવ્યા છે. તેઓશ્રી સરળ સ્વભાવી, ગુણગ્રાહી, ધ્યાની, મૌની, તપસ્વી હતા. પ્રભુમહાવીરની જેમ ૭૨ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી ૫૪ વર્ષ દીક્ષા પર્યાય પાળી આપણી પાસેથી વિદાયગિરી લીધી. મુમુક્ષુઓને સંસારમાંથી કાઢી યોગ્યને દીક્ષા આપવામાં તેઓ ઘણાજ ઉમંગી અને ઉત્સાહી હતા. તેઓશ્રીના આત્માને ભવોભવ અખંડ શાશ્વત શાન્તિ રહો એજ અંતિમ પ્રાર્થના.

## શ્રી મહાવીર વિદ્યાલય વડોદરા

## શ્રી કસ્તુરભાઈ લાલભાઈના વરદ હસ્તે ઉદ્ઘાટન

શ્રી મહાવીર જૈન વિદ્યાલય—મુંબઈની વડોદરા શાખાના મકાનને મોટું બનાવવામાં આવ્યું છે તેની સાથે સાથે શેઠ શ્રી મંગળભાઈ ઉર્ફે શ્રી છગનલાલ લક્ષ્મીચંદ વકુવાળા સભાગૃહ, શ્રી ઉમાભાઈ લીલાભાઈ સ્મારક પુસ્તકાલય તથા શ્રી મણિબહેન શિવલાલ સત્યવાદી અતિથિગૃહનાં મકાનો પણ તૈયાર કરવામાં આવ્યા છે; અને વિદ્યાલયના ચોકમાં શેઠ શ્રી જમનાદાસ કાળીદાસ ઝવેરીની આરસ—પ્રતિમા પણ મુકવામાં આવે છે.

આ ત્રણે મકાનોના ઉદ્ઘાટનનો અને આરસ પ્રતિમાના અનાવરણ વિધિનો સમારંભ આપણા દેશના જાણીતા ઉદ્યોગપતિ અને સમસ્ત જૈન સંઘના નેતા શેઠ શ્રી કસ્તૂરભાઈ લાલભાઈના અધ્યક્ષસ્થાને તેઓશ્રીના વરદ હસ્તે, વડોદરા મુકામે. વિ. સં ૨૦૧૮ ના જેઠ સુદિ ૧૩, તા ૧૬-૬-૬૨ને શનિવારના રોજ સવારના ૯ વાગતાં વિદ્યાલયના પટાંગણમાં, આનંદ અને ઉત્સાહના વાતાવરણમાં ભવ્ય રીતે ઊજવાયો હતો. આ પ્રસંગે સભા તરફથી શુભેચ્છા અને સફળતા દર્શાવતો તાર કરવામાં આવ્યો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમાલોચના

## (૧) હિત—ચિંતન

લેખક:-પૂ. પં. શ્રી ધુરંધરવિજયજી ગણિવર
પ્રકાશક:-શ્રી જૈન સાહિત્યવર્ધક સભા અમદાવાદ
પ્રાપ્તિસ્થાન:-શ્રી અમૃતસૂરીશ્વરજી જૈન જ્ઞાનમંદિર, બોરીવલી
મૂલ્ય:-દોઢ રૂપિયો

પૂ. ગણિવર્યના મુંબઈના શ્રી. નમિનાથજી જૈન ઉપાશ્રયમાં થયેલ ચાતુર્માસ પ્રસંગે ત્યાં પાટીયા ઉપર લખાયેલા ૧૧૦ સુંદર લખાણોનો આ સંગ્રહ છે. લખાણો ચિંતન અને મનન કરવા યોગ્ય છે.

## (૨) વિહરમાન જિનસ્તવન વિંશતિકા

(ગુર્જરાનુવાદ સ્પષ્ટાર્થ સહિત) અનુવાદિ અને સંપાદક:-ડૉ-વલ્લભદાસભાઈ નેણશીભાઈ મહેતા મોરબી
મૂલ્ય આઠ આના

પૂ. દેવચંદ્રજી ગણિવર વિરચિત વિહરમાન જિનસ્તવન વિંશતિકાથી ડૉ. વલ્લભભાઈએ કરેલ આ અનુવાદ અગાઉ આ માસિકમાંજ છુટો છુટો પ્રસિદ્ધ થયેલ છે. આ પુસ્તકરૂપે પ્રસિદ્ધ કરેલ છે. આ સ્તવન સંગ્રહમાં ઉત્તમ તાત્વિક ભક્તિનું નિરૂપણ છે. જીજ્ઞાસુઓએ વસાવવા યોગ્ય છે.

## (૩) શ્રી વર્ધમાન તપ મહિમા

(૫૦૦ આયંબિલનો પ્રભાવ)

લેખક:-પૂ. મુ. શ્રી જયપદ્મવિજયજી મહારાજ
પ્રકાશક:-સૌરાષ્ટ્ર ઇલેક્ટ્રીક એન્ડ મેટલ ઇન્ડસ્ટ્રીઝ.

વર્ધમાનતપ કરવા માટે પ્રેરણા આપતી આ પુસ્તિકામાં વર્તમાનતપનો મહિમા દર્શાવતું શ્રી ચંદ્ર-કેવલીનું ચરિત્ર તેમજ શ્રી નમસ્કાર મહામંત્રના પ્રભાવ દર્શાવતા થોડા બનાવો આપવામાં આવ્યા છે. પ્રકાશન આવકારદાયક છે.

## (૪) વિચાર—સૌરભ: –

લેખક:-પૂ. પં શ્રી પ્રવીણવિજયજી ગણિવર
પ્રેરક:- પૂ. પં શ્રી મહિમાવિજયજી ગણિવર
પ્રકાશક:-પૂ. મહેતા કાંતીલાલ રાયચંદભાઇ સાણંદ

સાદી અને સરળ ભાષામાં લખાયેલ આ પુસ્તિકામાં વાંચવા અને વિચારવા યોગ્ય તેત્રીશ જુદા જુદા વિષયોને સમાવિષ્ટ કરવામાં આવ્યા છે. પ્રયાસ આવકારદાયક છે.

## (૫) नयगोचरं भ्रमनिवाहरणम्

લેખક:-પૂ. આચાર્ય મહારાજ શ્રી વિજયલાવણ્ય-સૂરીશ્વરજી મહારાજ
પ્રકાશક:-શ્રી જ્ઞાનોપાસક સમિતિ, બોટાદ

પં. ઇશ્વરચંદ્ર શર્માએ લખેલ અને પૂ. યશોવિજયજી મહારાજ સંપાદન કરેલ नयनां ज्ञानात्मकं शब्दान्यकाम्नु स्वरुपम् નામની પુસ્તિકાના જવાબરૂપે તેજ ભાષામાં (સંસ્કૃત ભાષામાં) પૂ. આચાર્યશ્રીએ આ પુસ્તિકા લખેલ છે. નય અને પ્રમાણ વિષેના આ નિબંધના પં. ઇશ્વરચંદ્ર શર્માના લખાણ વિષે જાણીતા વિદ્વાન શ્રી દલસુખભાઇ માલવણિયા લખે છે કે, "પ્રમાણ અને નયની મૌલિક વિચારણા પાછળનું રહસ્ય સમજવાને બદલે તેમાં ત્રુટી શોધવા જવું એ યોગ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ન કહેવાય, અને એ નહિ સમજીને લેખકે ( શર્માએ ) નકામું પીંજણ કર્યું છે અને પ્રકાશકે વળી તેને છાપીને કાંઈ શાસનની સેવા કરી છે એમ તો ન જ કહેવાય," પં શર્માના જવાબરૂપે લખાયેલ પૂ. આચાર્યશ્રીનું આ પ્રકાશન આદરપાત્ર છે.

## ( ૬ ) અતીત જિનસ્તવન ચોવીસી

( ગુર્જરાનુવાદ સહિત )

અનુવાદક:-ડાૅ. વલ્લભદાસભાઈ નેણશીભાઈ મહેતા
પ્રકાશક:- ઝવેરભાઈ કેશરીભાઇ ઝવેરી

આ અગાઉ પૂ. દેવચંદ્રજી ગણિવર વિરચિત વિહરમાન જિન સ્તવન ચોવીસીનો અનુવાદ ( સ્પષ્ટાર્થ સહિત) ડો. વલ્લભદાસભાઇએ કરેલ છે. તેવી જ રીતે આ અનુવાદ પણ તેઓએ સુંદર રીતે કરેલ છે. ઉત્તમ તાત્ત્વિક ભક્તિની પ્રધાનતાવાળો આ સ્તવનસંગ્રહ ચિંતન અને મનન કરવા યોગ્ય છે. જીજ્ઞાસુઓએ વસાવવા યોગ્ય છે.

## (૭) આતમના અજવાળાં

લેખક:-પૂ. પં. શ્રી પ્રવિણુવિજયજી ગણિવર
સંપાદક:-પૂ પં. શ્રી મહિમ વિજયજી ગણિવર
પ્રકાશક:- મહેતા કાંતીલાલ રાયચંદ સાણંદ

લગભગ આઠેક વર્ષ પહેલાં આ પુસ્તકની પહેલી આવૃત્તિ ' અંતરનાં અજવાળા ' એ નામે પ્રસિદ્ધ થયેલ છે. આ દળદાર ગ્રંથના આઠ ખંડ છે જેમાં પ્રથમના ૬ ખંડના લેખક પૂ. પં. શ્રી પ્રવિણુવિજયજી ગણીવર્ય છે જ્યારે બાકીના બે ખંડ પૂ. પં. શ્રી મહિમાવિજયજી ગણિવરે લખ્યાં છે. વિવિધ વિષયો ઉપરનો તાત્ત્વિક અને સદ્બોધપ્રેરક વિચારધારાનો સુંદર પ્રવાહ આ લેખોમાં વહે છે. જીજ્ઞાસુઓને વાંચી જવા ભલામણ કરવા જેવો આ ગ્રંથ છે.

## ( ૧૮ ) લલીત વિસ્તરા:-વિવેચાત્મક ગુજરાતી

અનુવાદ. પ્રથમ વિભાગ શુક્રસ્તવ.

અનુવાદક તથાવિવેચક:-પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર મૂલ્ય પાંચ રૂપિયા

૧૪૪૪ ગ્રંથોના પ્રણેતા, સમદર્શી, યુગપ્રધાન- આચાર્ય મહારાજશ્રી હરિભદ્રસૂરિજી મહારાજે લલિત વિસ્તરાવૃત્તિની રચના "ચૈત્યવંદનની ક્રિયામાં શુદ્ધિ લાવવા જરૂરી એવા જ્ઞાનને આપવા" માટે કરી છે. ઉપમિત ભવપ્રપંચા કથાના વિદ્વાન કર્તા પૂ. શ્રી સિદ્ધર્ષિગણિ આ લલિતવિસ્તરાના વિચારપૂર્વકના વાંચનથી જૈન શાસનમાં સ્થિર થયા. અને તેથી પોતાની કૃતિમાં આચાર્યશ્રી હરિભદ્રસૂરિજીને ભાવગુરૂ માનીને નમસ્કાર કરેલ છે. આ ગ્રંથ તેનો વિવેચન-યુક્ત અનુવાદ છે. વિદ્વાન અનુવાદકર્તા પૂ. પં. શ્રી તેમની ભૂમિકામાં કહે છે કે, "લલિતવિસ્તરા ગ્રંથનો અભ્યાસ કરવો એ કાંઇ સામાન્ય કાર્ય નથી. તેની પંક્તિએ પંક્તિએ ન્યાય ભરેલો છે, દર્શનશાસ્ત્ર ભરેલું છે, તર્કશાસ્ત્ર ગુંથેલું છે. વ્યાકરણશાસ્ત્ર, અલંકારશાસ્ત્ર અને સાહિત્યશાસ્ત્ર પણ અહીં અદ્ભૂતરીતે સંકલિત થયેલા જોવા મળે છે. તેને વાંચવાનું કાર્ય જો દુષ્કર છે તો પછી તેને કેવળ વાંચવુ જ નહિ પરંતુ વિચારવું, પચાવવું અને પ્રચલિત ભાષામાં ઉતારવું કેટલું દુષ્કર ગણાય?" આ રીતે આ ઘણો જ ઉપયોગી ગ્રંથ છે જે વસાવવા અને અભ્યાસ કરવા યોગ્ય છે.

## ( ૧૯ ) શ્રી જૈન ગુર્જર સાહિત્ય રત્નો

ભાગ-પહેલો.

પ્રકાશક:-શેઠ નગીનભાઇ મંછુભાઇ જૈન સાહિત્યોદ્ધારક ફંડ વતી ભાઇચંદભાઇ નગીનભાઇ ઝવેરી, સુરત.
મૂલ્ય ૨-૨૫

આ ગ્રંથમાં શ્રી રૂષભદેવ, શ્રી શાંતિનાથ, શ્રી નેમનાથ, શ્રી પાર્શ્વનાથ અને શ્રી મહાવીરસ્વામી એમ પાંચ તીર્થંકરોના, જુદા જુદા અઠ્ઠાવન જૈન કવિરત્નોના રચેલા સ્તવનોનો સંગ્રહ તથા તે તે મુનિવરોનો સંક્ષિપ્ત પરિચય પણ આપવામાં આવ્યો છે. શ્રી કેદારનાથજી કહે છે તેમ "ભજન, સ્તવન કે ભક્તિના કોઇપણ પ્રકાર ઉચ્ચ ભૂમિકા પ્રાપ્ત કરવાનું સાધન છે." સ્તવનો ઉપરાંત સ્તવનો રચનાર મુનિ-રાજો વિષેની માહિતી અને તેમની રચેલી અન્ય કૃતિઓ અને સાથે આ મહાત્માઓ થયા તે સમય સાલવારી પ્રમાણે આ ગ્રંથમાં આપેલ હોઇ, ઐતિહા-સિક અને સંશોધન દૃષ્ટિએ પણ આ ગ્રંથનું મૂલ્ય ઘણું વધી જાય છે. જીજ્ઞાસુઓએ વસાવવા અને અભ્યાસ કરવા યોગ્ય છે.

For Private And Personal Use Only

Regd. No. G 49

# 'અહિંસા: આચારધર્મ'

આપણા દેશમાં સદ્‌ભાગ્યે જમાને જમાને ધર્મતત્ત્વનું ચિંતન કરનાર પ્રજાના જીવનમાં ધર્મની પ્રતિષ્ઠા કરવાનો, સર્વભૂત હિત-ચિંતા પ્રેર્યા પુરુષાર્થ કરનાર યુગપુરુષો નીપજ્યા છે. આ મહાપુરુષો પોતપોતાના સમયમાં પ્રજાજીવનને ઉન્નતિ પ્રતિ અભિમુખ કરવાનું અવતાર કાર્ય કરી ગયા છે. આ એક સમર્થ ધર્મચિંતક ને ધર્મ પ્રવર્તક મહાવીર સ્વામી આપણને પ્રથમ મળ્યા.

મહાવીર સ્વામીનો ધર્મવિષયક વિશિષ્ઠ સંદેશ અને પ્રદાનશ તે અહિંસા છે. આ એક એવું તત્ત્વ છે, જે જીવનના અસ્તિત્વના મૂળમાં રહેલું છે. જીવનના આધારરૂપ છે. સંસ્કૃતિની યાત્રામાં મનુષ્યે આજ સુધીમાં જે કંઈ મેળવ્યું છે. સમાજ, રાજ, અર્થ આદિની વ્યવસ્થા તેના મૂળમાં એક આંતરિક સંવાદનું, મેળનું, બીજા પ્રત્યે અનુપદ્રવી રહેવાનું વલણ રહેલું સમજાય છે. મનુષ્યનો મનુષ્યેત્તર સૃષ્ટિ સાથેનો સંબંધ પણ એકંદરે તો પરસ્પરના સહ-અસ્તિત્વનો છે. એટલે એમ કહી શકાય કે મનુષ્યને પોતાના તેમજ પોતાને ઉપયોગી એવી આ સૃષ્ટિના હિત ખાતર પણ અહિંસા ધર્મનું કંઈક અંશે પાલન કર્યા વગર ચાલે એમ નથી અને છતાં વિચિત્ર વાત તો એ છે કે મનુષ્યને અહિંસાનો બોધ આપવો પડે છે; એનું હિત એને સમજાવવું પડે છે.

અહિંસા મનુષ્યને સુખી થવાનું માત્ર સાધન જ નથી, એ તો પરમ સાધ્ય પણ છે. વ્યક્તિ સુખી થવા માટે બીજાને પીડે એ પણ સંભવિત છે. એટલે એણે બીજાના સુખનો હ્રાસ કર્યા વગર બીજાની સાથે સાથે જ સુખી થવાનું છે એ વાત સમજી લેવાની છે. આવું સમજાતાં પછી એને આપોઆપ અહિંસા સાધ્ય છે એમ સમજાઈ જશે. આજે તો મનુષ્યને ભયમાં જીવતો ને સતત અસ્તિત્વના લોપનો ભય સેવતો બનાવી દીધો છે. આ સંજોગમાં દયા, માનવતા, પરસ્પર સહિષ્ણુતા, સહાનુભૂતિ એવા ગુણોની અનિવાર્ય જરૂર ઊભી થઈ છે. આ બધા ગુણો અહિંસાના જ અંશો છે. અહિંસાનાં જ આચરણરૂપ સ્વરૂપો છે, એ સમજવું જોઈએ અહિંસા એ સત્ય કરતાં વધુ સમજાય એવું ને આચારમાં મૂકી શકાય એવું સત્ તત્ત્વ હોઈ એ દ્વારા સત્યનો સાક્ષાત્કાર કરવાની ગાંધીજી જેવા મહાપુરુષોની ખેવના હતી.

આજે સૌથી વધુ આવશ્યક તો અહિંસાને તત્ત્વના ટુંપણા તરીકે નહિ પણ વાસ્તવ જીવનમાં પ્રવર્તતા એક ઈષ્ટબલ તરીકે જોવાની ને સમજવાની છે.

જયંત પાઠક

'જનસંદેશ' તા. ૨૬-૫-૬૨

પ્રકાશક : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી જૈન આત્માનંદ સભા વતી.
મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ, શ્રી આનંદ પ્રીં. પ્રેસ ભાવનગર.